# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

******************************************************

**1)** કેનેડામાં જી-7 સમિટમાં સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટકાઉ અને સસ્તી ઉર્જા સુનિશ્ચિત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતા વર્ણવી

**2)** દ્વિપક્ષિય સંબંધોને મજબૂત બનાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડા, જર્મની, ફ્રાંસ સહિતના દેશોના વડાઓ સાથે વાટાઘાટો કરી

**3)** તહેરાનમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓને સલામત સ્થળે ખસેડાયા

**4)** અમદાવાદ વિમાન દુર્ઘટનાના 177 મૃતકોના ડી.એન.એ. મેચ થયા અને 133 પાર્થિવ શરીર સ્વજનોને સોંપાયા

**5)** પુરુષ અને મહિલા હોકી માસ્ટર્સ કપનો આજ ચેન્નાઈમાં પ્રારંભ.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM CANADA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને કેનેડા દ્વિપક્ષીય સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે અને બંને દેશોએ લોકશાહી તેમજ માનવતાને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવું પડશે. કનાનાસ્કિસમાં G7 સમિટ દરમિયાન કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની સાથે દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે ઘણી કેનેડિયન કંપનીઓ ભારતમાં રોકાણ કરે છે અને તેનાથી વિપરીત પણ. તેમણે કહ્યું કે તેઓ ભારત કેનેડા સંબંધોને આગળ વધારવા માટે આતુર છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ આમંત્રણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## (S/B PM MODI RELATIONS )

શ્રી કાર્નીએ કહ્યું કે G7 સમિટમાં ભારતના પ્રધાનમંત્રી મોદીની નિયમિત ભાગીદારી મહત્વપૂર્ણ છે.

## (S/B CANADA PM GRATITUDE)

પ્રધાનમંત્રી મોદીએ જર્મની, ફ્રાન્સ, મેક્સિકો અને દક્ષિણ કોરિયાના નેતાઓ સાથે શ્રેણીબદ્ધ દ્વિપક્ષીય બેઠકો પણ યોજી હતી. પ્રધાનમંત્રી મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે મુખ્ય ક્ષેત્રોમાં ભારત-જર્મની દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા અંગે ચર્ચા કરી. આ ક્ષેત્રોમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, ગ્રીન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પાર્ટનરશિપ, ગ્રીન એનર્જી, ટેકનોલોજી, નવીનતા, શિક્ષણ અને ગતિશીલતાનો સમાવેશ થાય છે.

---

# NEW PM BILATERALS

ગઇકાલે રાત્રે કેનેડાના કનાનાસ્કિસ ખાતે G7 સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડા, જર્મની, ફ્રાન્સ, મેક્સિકો અને દક્ષિણ કોરિયાના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકોની શ્રેણી યોજી હતી.

પ્રધાનમંત્રી મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ વચ્ચેની દ્વિપક્ષીય બેઠકમાં, બંને નેતાઓએ મુખ્ય ક્ષેત્રોમાં ભારત-જર્મની દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવાની રીતો પર ચર્ચા કરી. આ ક્ષેત્રોમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, ગ્રીન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ભાગીદારી, ગ્રીન એનર્જી, ટેકનોલોજી, નવીનતા, શિક્ષણ અને ગતિશીલતાનો સમાવેશ થાય છે. તેમણે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું. પ્રધાનમંત્રી મોદીએ આતંકવાદ સામેની લડાઈમાં જર્મનીના ભારતને સમર્થન આપવા બદલ ચાન્સેલર મેર્ઝનો આભાર માન્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેઓએ સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને વધુ ગાઢ બનાવવા પર પણ ચર્ચા કરી. તેમણે કહ્યું કે બંને રાષ્ટ્રો આતંકવાદ સામેની લડાઈ અને આતંકવાદી ભંડોળને ડામવા સાથે મળીને કામ કરતા રહેશે.

શ્રી મોદીએ સમિટ દરમિયાન મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમ પાર્ડો સાથે પણ મુલાકાત કરી. બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. પ્રધાનમંત્રીએ આતંકવાદ સામેની ભારતની લડાઈમાં મેક્સિકો દ્વારા આપવામાં આવેલા સમર્થન બદલ રાષ્ટ્રપતિ શેનબૌમનો આભાર માન્યો.

ભારત અને મેક્સિકો વચ્ચેના ઐતિહાસિક મિત્રતાના બંધનો પર ભાર મૂકતા, બંને નેતાઓ વેપાર, રોકાણ, સ્ટાર્ટ-અપ્સ, નવીનતા, વિજ્ઞાન અને ટેકનોલોજી અને

ઓટોમોટિવ ક્ષેત્રોમાં સંબંધોને વધુ વિસ્તૃત કરવા અને લોકો-થી-લોકોના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે સંમત થયા. તેમણે બંને દેશો વચ્ચે વધતા વેપાર અને રોકાણ સહયોગ પર સંતોષ વ્યક્ત કર્યો. ચર્ચામાં ફાર્માસ્યુટિકલ, કૃષિ અને સર્વાંગી આરોગ્ય ક્ષેત્રોમાં વધતી તકો મુખ્ય હતી. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે બંને દેશોએ સેમિકન્ડક્ટર, એઆઈ, ક્વોન્ટમ અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહયોગ સાધવો જોઈએ. નેતાઓએ વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ અને ગ્લોબલ સાઉથની પ્રાથમિકતાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું.

પ્રધાનમંત્રીએ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ સાથે દ્વિપક્ષીય બેઠક પણ યોજી. બંને નેતાઓએ વેપાર અને અર્થતંત્ર, મહત્વપૂર્ણ અને ઉભરતી તકનીકો, ગ્રીન હાઇડ્રોજન, જહાજ નિર્માણ અને સંસ્કૃતિ સહિતના ક્ષેત્રોમાં ભાગીદારી દ્વારા સહયોગ માટે નવા માર્ગો શોધીને ભારત-દક્ષિણ કોરિયા વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો . તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી.

શ્રી મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે પણ એક મહત્વપૂર્ણ મુલાકાત કરી.

તેમણે G7 આઉટરીચ સમિટમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસ, ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની, યુકેના પ્રધાનમંત્રી કીર સ્ટારમર અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે પણ વાતચીત કરી.

---

# PM TWEET-G7

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડાની ફળદાયી મુલાકાત પૂર્ણ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કેનેડિયન લોકોનો આભાર માન્યો અને

સફળ G7 સમિટનું આયોજન કરવા બદલ કેનેડિયન સરકારના પ્રયાસોની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે સમિટમાં વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ફળદાયી ચર્ચાઓ થઈ અને રાષ્ટ્રો વૈશ્વિક શાંતિ, સમૃદ્ધિ અને ટકાઉપણું આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

---

# PM CROTIA

પોતાના પ્રવાસના ત્રીજા તબક્કામાં, પ્રધાનમંત્રી મોદી આજે ક્રોએશિયા પહોંચશે. પ્રધાનમંત્રી મોદી ક્રોએશિયાના પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિક સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે અને રાષ્ટ્રપતિ ઝોરાન મિલાનોવિકને મળશે. આકાશવાણી ન્યૂઝ સાથે વિશિષ્ટ રીતે વાત કરતા, ક્રોએશિયામાં ભારતીય રાજદૂત અરુણ ગોયલે જણાવ્યું હતું કે, શ્રી મોદીની ક્રોએશિયાની મુલાકાત યુરોપિયન યુનિયનમાં ભાગીદારો સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂકશે.

---

# IRAN INDIAN STUDENTS

ઈરાનમાં ભારતીય દૂતાવાસ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા દ્વારા સલામતીના કારણોસર તેહરાનમાં ભારતીય વિદ્યાર્થીઓને શહેરની બહાર ખસેડવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે વાહન ધરાવતા રહેવાસીઓને પણ

શહેરની બહાર જવાની સલાહ આપી છે. કેટલાક ભારતીયોને આર્મેનિયાની સરહદ દ્વારા ઈરાન છોડવાની સુવિધા આપવામાં આવી છે.

ઈઝરાયલમાં રાષ્ટ્રીય કટોકટી હજુ પણ યથાવત હોવાથી અને હવાઈ ક્ષેત્ર બંધ હોવાથી, તેલ અવીવમાં ભારતીય દૂતાવાસે આજે દેશ છોડવા માંગતા ભારતીયોને જમીન સરહદ પાર કરવાના વિકલ્પોનો લાભ લેવા જણાવ્યું છે. દૂતાવાસે ઈઝરાયલમાં રહેતા ભારતીય નાગરિકોને મિશનમાં નોંધણી કરાવવા કહ્યું છે. અપડેટેડ એડવાઈઝરીમાં, દૂતાવાસે જણાવ્યું હતું કે, હાલમાં ઈઝરાયલમાં રહેલા તમામ ભારતીય નાગરિકો માટે, સતર્ક રહેવા અને ઈઝરાયલી હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા જારી કરાયેલા સલામતી પ્રોટોકોલનું પાલન કરવા. ભારતીય નાગરિકોને નિયમિતપણે અપડેટ્સ તપાસવાની અને ઈઝરાયલી હોમ ફ્રન્ટ કમાન્ડની સૂચનાઓનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે,

---

# DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના ૧૭૭ મૃતકના ડીએનએ નમૂના મેચ થયા છે. જ્યારે **133** પાર્થિવ શરીર મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહરાજ્યમંત્રી હર્ષસંઘવીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી હતી.

અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે. દુર્ઘટનાના **62** મૃતકના અંતિમ સંસ્કાર અમદાવાદમાં કરાયા છે. જ્યારે આ ઘટનામાં જીવ ગુમાવનારા લંડન**,** વડોદરા**,** રાજસ્થાન મહારાષ્ટ્રના મૃતકોનાં સ્વજનોએ  અમદાવાદમાં અંતિમ સંસ્કાર

કરવાની ઈચ્છા દર્શાવી છે. આ કામ માટે કલેક્ટર કચેરી દ્વારા સરકારી કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી છે.

ડીએનએ નમુના મેચીંગ પ્રક્રિયા માટે જે પરિવારજનો પોતે ઉપસ્થિત નથી રહી શકતા તેમના ઘરથી ડીએનએ નમૂના મેળવવા માટે યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

---

# HOCKEY

પુરુષ અને મહિલા હોકી ઇન્ડિયા માસ્ટર્સ કપ આજથી ચેન્નાઈમાં શરૂ થશે. ૧૦ દિવસીય આ સ્પર્ધાનું આયોજન તમિલનાડુ હોકી યુનિટ દ્વારા કરવામા આવ્યું છે. જેમાં ૪૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષો અને ૩૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ ભાગ લેશે.

આ સ્પર્ધામાં બાર પુરુષો અને આઠ મહિલા ટીમ ભાગ લઈ રહી છે. પહેલા ગ્રુપ મેચ, ત્યારબાદ નોકઆઉટ સ્ટેજ અને પછી ફાઇનલ મેચ રમાશે. ચેન્નઇના મેયર રાધા કૃષ્ણન હોકી સ્ટેડિયમમાં મહિલાઓની શરૂઆતની મેચોમાં હિમાચલ પ્રદેશનો સામનો મહારાષ્ટ્ર સામે થશે અને કર્ણાટકનો સામનો કેરળ સામે થશે. અને પુરુષોની શરૂઆતની મેચમા પંજાબનો સામનો પુડુચેરી સામે થશે.

મેચ બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે.દેશના સિનિયર હોકી ખેલાડીઓને તક આપવા આ સ્પર્ધા પહેલીવાર યોજાઈ રહી છે.

---

# GUJARAT RAINS (WITH V/C)

ગુજરાતમાં, દક્ષિણ પશ્ચિમ ચોમાસું સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગળ વધ્યું છે, જેના કારણે આ પ્રદેશમાં ભારે વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રના બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર જેવા જિલ્લાઓમાં સતત વરસાદ વરસ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે ગાંધીનગરમાં સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને રાજ્યમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરી હતી.

શ્રી પટેલે વીડિયો કોન્ફરન્સ દ્વારા વરસાદથી પ્રભાવિત જિલ્લાઓના કલેક્ટરો સાથે પણ વાત કરી હતી અને બચાવ કાર્યનો અભ્યાસ કર્યો હતો. વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં NDRF ની પાંચ ટીમો અને SDRF ની 20 ટીમો તૈનાત કરવામાં આવી છે, અને અત્યાર સુધીમાં વરસાદી પાણીમાં ફસાયેલા 100 થી વધુ લોકોને સુરક્ષિત રીતે બચાવી આજે  સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના નવ જિલ્લાઓ માટે ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું છે. આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 224 તાલુકાઓમાં વરસાદ વરસ્યો

ગુજરાતમાં પડેલા ભારે વરસાદની સ્થિતિ અંગે પ્રસ્તુત છે, અમારા સંવાદદાતાનો અહેવાલ

## (V/C-APARNA KHUNT)

---